ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# 'હુતાશન' લઘુનવલ એક અભ્યાસ લેખ

નિરવ જે. રાવલ

મદદનીશ શિક્ષક

નાલદા વિદ્યાલય

મોરબી

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

'હુતાશન' લઘુનવલ ધીરુબહેન પટેલ દ્વારા ઈ.સ. ૧૯૯૩ મા પ્રગટ થઈ. તેમની આ લઘુનવલ કોઈ નિશ્ચિત સમાજના ચોકઠા પર નિર્માણ પામેલી નજરે પડે છે. લેખિકાએ માતા અને દોકરાના પ્રેમની ઉત્તમ કક્ષાન આલેખન સુદર રીતે શબ્દસ્થ કર્યં છે. જેમા નાયિકા વત્સલાને લેખિકાએ ઉમદા વ્યકિતત્વ અને માતૃત્વ લક્ષ્યુ છે. કથાનકની શરૂઆતમા જ વત્સલાના પાત્રને લેખિકાએ માતૃવત્સલ બતાવી છે. પ્રસ્તાવનામા જ લેખિકાએ સુદર આલેખન એક પદથી કય છે.

"મમતાના માયાવી મૃગજળ
છલકે છલછલ
ચમકતા ચાર કોર ...."[૧]

અહી વત્સલા નાયિકા રોહિતની પત્ની અને પુત્ર આશિષની માતા છે. વત્સલાનુ લગ્નજીવન પણ સુખ અને લાગણીથી ભરપૂર છે, જયારે આશિષ અને વત્સલા વચ્ચે માતા–પુત્રના સબધમા પણ ભરપૂર વાત્સલ્ય છલકે છે. પુત્ર આશિષ એક પણ બાબત વત્સલાથી અજાણ રાખતો નથી. આ જગતમા દરેક માતા પોતાના પુત્રના ઉછેર, પાલન, અભ્યાસ કે તેના સુખી સસાર માટે હમેશા શુભ જ ઈચ્છતી હોય છે. પોતાના પુત્ર માટે તેને હમેશ પ્રેમ જ હોય છે.

પરતુ, સમય જતા અહી લઘુનવલમા પ્રસન્ન જીવનમા અચાનક જે મુશ્કેલી અને સમજણ રૂપી દિવાલમા તિરાડો પડે છે અને જીવન યાતનામય બને છે તેની કથા છે સાથે નારીના જીવનની સુખ અને દુ:ખની ગતિવિધિન નિરૂપણ છે. જેનો આપણે અલગ અલગ રીતે અભ્યાસ કરીશ.

કથાનાયિકા વત્સલા આદર્શ ગૃહિણી, પત્ની તેમજ લાગણીસભર માતા અને ઘણા બધા સ્નેહીજન ધરાવતી એક ઉત્તમ નારી તરીકે નજરે પડે છે. રોહિત અને આશિષ પ્રત્યે વત્સલા પોતાની કૌટુબિક જવાબદારીને સપૂર્ણપણે પ્રેમ અને સ્નેહથી નિભાવે છે. બીજાના સસારના સુખ કરતા પણ પોતાના કુટબની બધા પ્રશસા કરે, સમાજમા ઉચ સ્થાન મળે તે માટે તે સતત પ્રયત્નશીલ રહે છે. પોતાના સસારને સુખી સપન્ન બનાવવાની તેની સતત ઝખના હોય છે. પુત્ર આશિષની વહુને પોતાના કરતાય વધુ સુખ આપીને દિકરી જેવો પ્રેમ આપવાના તે સપના સેવે છે. પોતાના આજ્ઞાકિત પુત્ર આશિષના મુખે શેફાલી નામની છોકરીની વાત સાભળીને વત્સલાના મનમા તકલીફ શરૂ થાય છે કે, પુત્રએ પોતાને જણાવ્યા વિના જ શેફાલીન પરણવાન નક્કી કરી લીધ છે, ને આ માત્ર તેને નિર્ણય જ કહે છે નહી કે પરણવાની સમતિ માગે છ. જે પુત્ર એ અત્યાર સુધી પોતાના જીવનના બધા જ નિર્ણયો જન્મથી યુવાન અવસ્થા સુધી માતાની સમતિથી જ લીધા હતા. આજ તેણે સીધો પોતાનો નિર્ણય જ બતાવ્યો. છતા પણ, વત્સલાબહેને પુત્રના નિર્ણયને હર્ષભેર સ્વીકાર્યો.

વત્સલાબહેન આશિષ અને શેફાલીને ખુશ રાખવા માટે સપના જોયા કરતા, મુઝવણ અનુભવતા કે શેફાલીને શ ગમશે ? શ નહી ? તેમના બન્ને માટે વત્સલાબહેન બધુ જ કરવા હમેશા તૈયાર હતા. છતા લગ્ન બાદ શેફાલી વત્સલાબહેન પ્રત્યે બેહદ વર્તન જ કરે છે, ત્યારે ઘર્ષણ સર્જાય છ. વત્સલાબહેન અને પુત્ર આશિષ વચ્ચે સબધ સારા જળવાઈ રહે એવ શેફાલી કયારેય ઈચ્છતી ન

હતી. વત્સલાબહેન પણ સસારમા કયારેય તણાવ ઉભો ન થાય તે માટે કયારેય પતિને કે પુત્રને કોઈ બાબતનો અણસાર શુદ્ધા આવવા દેતા નહી. શેફાલી આશિષના મન કે હૃદય પર કયારેય વત્સલાબહેન જેવુ સ્થાન મેળવી શકશે નહી તે વાતને બરાબર પોતે જાણે છે. તો બીજી તરફ આશિષ પોતાની માતાને ખૂબ સ્નેહ અને પ્રેમ કરે છે. પોતાન સુખ પણ માતા માટે છોડી દેવા તૈયાર છે. પોતાની માતાને કોઈ ગમે તે કહે તે આશિષથી સહન થત નથી. તેને લીધે જ આશિષ શેફાલીને છૂટાછેડા આપવા તૈયાર થાય છે. પરતુ પ્રેમમૂર્તિ વત્સલા શેફાલી માતા બનવાની છે એ સમાચાર આશિષને આપતા આશિષન મન ચકરાવે ચડે છે. પરતુ અતે વત્સલા આ બધી તકલીફોને જાતે દૂર કરી ઘર છોડવાનો નિર્ણય કરે છે. પુત્ર અને વહુની સાથે પ્રેમ, લાગણીથી રહેવાના તેના સપનાઓ તૂટીને વેરવિખેર થઈ જાય છે. જીવનના અતિમ તબક્કામા વત્સલાબહેનને પુત્રથી છુટા પડવાનો વખત આવે છે, જે દુઃખદાયક બને છે. પોતાના દીકરાના સસાર સુખ અને આનદ માટે, સુખરૂપ જોવા માટે અનિચ્છાએ પણ અલગ થાય છે.

અહી લઘુનવલમા લેખિકાએ વત્સલાના પાત્રને મુખ્ય બતાવ્ય છે જેની આસપાસ વસ્તુગૂફન થાય છે. ઉત્તમ માતા અને આદર્શ પત્ની કે ગૃહિણી સ્વરૂપે વત્સલાને દર્શાવી છે, જે પુત્રના સુખે સુખી છે અને તેના દુઃખે દુઃખી થાય છે. દીકરાની વહુ માટે તેના સુખમા તેના મનમા ઘણા બધા સપનાઓ છે. પુત્રવધને દિકરી બનાવીને રાખવાની તે ઝખના રાખે છે. કુટુબન ઉત્તમ સુખ સમાજમા બધા કરતા સાર હોય એવી તે ઈચ્છા રાખે છે અને સતત પ્રયત્ન કરે છે. વત્સલા આશિષ પ્રત્યે ખૂબ જ સવેદાનશીલ અને પ્રેમાળ છે. લગ્નજીવનની વર્ષગાઠ નિમિતે જયારે આશિષ તેને તેના માટે જ લખેલી ડાયરી આપે છે ત્યારે વત્સલા આશિષને કહે છે,

"મારા દીકરાની આ કવિતા હાથમા લઈને જાણે છેલ્લો શ્વાસ લઈ લઉ, આશિષ ! જીવને મને છલોછલ સુખ આપ્ય છે. હવે આગળ જીવવાન જોખમ નથી ખેડવ – કયાક, કશીક ઉણપ આવી જાય તો ના સહેવાય...."[2]

આમ, વત્સલા પોતાના પુત્ર આશિષ માટે ખબ પ્રેમાળ છે તો સાથે પતિ રોહિત પ્રત્યે પણ વત્સલા વફાદાર અને પ્રેમાળ આદર્શ પત્ની બની રહે છે. પોતાનો નોકર રાજુ તો વત્સલાને અમ્મા કહીને સબોધે છે. વત્સલાએ નોકર રાજુ પ્રત્યે કયારેય ભેદભાવ રાખ્યો ન હતો. વત્સલાના આવા પ્રમને લીધે જ નોકર રાજુને કયારેય પોતાન ઘર પણ સાભર્યુ ન હોત પોતાના મિત્ર વર્તુળમા પણ વત્સલા ખબ જ પ્રેમાળ સ્ત્રી બની રહી છે.

તો બીજા પક્ષે પુત્ર આશિષ પોતાની જીવનની નાનામા નાની બાબતની ચર્ચા પોતાની માતા વત્સલા સાથે કરે છે. એક આજ્ઞાકારી પુત્ર તરીકે આશિષનુ પાત્ર દર્શાવ્યુ છે. પોતાની માતાના અપમાનના લીધે અતે તે પોતાની પત્ની શેફાલીને છૂટાછેડા આપવા તૈયાર થાય છે, પરતુ માતા જયારે તેને જણાવે છે કે શેફાલી માતા બનવાની છે તો આવી સ્થિતિમા આશિષ અવઢવ અનુભવે છે. અને માતાની સૂચના પ્રમાણે પરિસ્થિતિને સ્વીકારીને ચાલે છે.તો પોતાના દીકરા આશિષની પત્ની શેફાલીન પાત્ર ઉદ્ધત, આજ્ઞાન ઉલ્લઘન કરનારો, સાસુ વત્સલા સાથે હમેશા તોછડાઈભર્યુ વર્તન કરનારી બતાવી છે. તે કયારેય નથી ઈચ્છતી કે આશિષ અને માતા વત્સલા વચ્ચે પ્રેમાળ સબધ જળવાઈ રહે. વર્ષો જુના નોકર રાજુની જગ્યાએ તે પોતના પિયરના નોકર સખારામને ઘરે રસોઈકામમા રાખે છે અને રાજુને સતત હડધૂત કરી અવગણે છે.

આમ, સમગ્ર લઘુનવલમા કુટબન દરેક પાત્ર એકબીજા માટે પ્રેમભાવ સત્કાર, સહકારથી જીવે છે, માત્ર શેફાલી પોતાની સાસુ પ્રત્યે જ નકારાત્મક વલણ અપનાવે છે.

લઘુનવલમા લેખિકાએ ચોટદાર ભાષાશૈલી અને સવાદોની સુયોગ્ય જાળવણી કરેલી વાચી શકાય છે. લઘુનવલની શરૂઆતમા જ લેખિકાન શબ્દ સામાજય આહલાદક રીતે નિરૂપાય છે.

"ફલડલાઈટોને કારણે આખી અગાસી એક તેજન તળાવ બની ગઈ હતી. એમા રગબેરગી માછલીઓ જેવા આનદિત સ્ત્રી–પુરુષો હાથમા પ્લેટો લઈ આમથી તેમ ફરતા હતા."[૩]

ધીરૂબહેનની કલમમા ભાષા પ્રભુત્વ ખુબ સુદર રીતે થયેલુ જોઈ શકાય છે. સબધોની ટ્ટી જવાની કે મૃતપાય અવસ્થાને પણ તેમણે ગુલાબના છોડ ના મરી જવાની અવસ્થા સાથે ખુબ સુદર રીતે વર્ણવી છે. વત્સલાએ પોતાની સહેલી શોભનાને આપેલ ગુલાબના છોડ વિશે શોભના કહે છે,

"મારે ઘેર બધા ગુલાબના છોડ મરી જ જાય છે ! .... હવે આને તો નહી જ મરવા દઉ ખૂબ જતન કરીશ. અન જરા પણ ઢ lલ પડત લાગશે તો કારમા નાખીને અહી જ પાછ લઈ આવીશ. વત્સલાને કહીશ કે જરાક તારો હાથ ફેરવી દ... કોઈ વાર થાય છે અને વાત કર, કહ કે અનિલ અને રીમા પર પણ તારો હાથ ફેરવી દે –પણ જીભ ઉપડતી નથી. ઘરની વાત કયા કરવી ?"[૪]

લેખિકાએ ઉપરોકત સવાદમા ખૂબ સરસ સવેદન અને પરિસ્થિતિન આલેખન કર્યુ છે. શોભના પોતાની સહેલી વત્સલાના સ્વભાવ વિશેન સહજ નિરૂપણ કરે છે. વત્સલાનો સ્વભાવ લાગણી અને પ્રેમમય હોવાથી વ્યકિત સાથે કે છોડ સાથે પણ તેન તાદાત્મ્ય કેટલ પ્રેમાળ હશે તેની છણાવટ છે. શોભના સબધમા કયારેક નિરાશા કે દુઃખી થાય તો વત્સલાના સહારે ફરીથી જીવીત થાય છે એમ દર્શાવે છે. શોભના પોતાના પુત્ર અને પુત્રવધૂને પણ વત્સલાનો સસર્ગ થાય અને તેનાથી કૌટબિક સબધોમા હફ અને પ્રેમ વધે એવી આશા સેવે છે.

તો વળી, વત્સલાના કુટબમા થતા તાણાવાણા કે તકલીફોને ખબ સરસ શબ્દમા આલેખે છે. બહારથી દેખાતા આનદમય વાતાવરણના ગર્ભમા માનસિક ખેચતાણ નજરે પડતી નથી.

"બધા કામ રોજની જેમ જ શાતિથી વ્યવસ્થાપૂર્વક થયા કરે છે, બહારથી જોતા જરાયે એમ ન લાગે કે વત્સલાના જીવનમા કઈ પણ નવ બન્ય છે. તેમ છતા ઈશાન ખૂણામા તરતી એક નાનકડી વાદળી બાકીના આખા ઉજ્જવલ નીલાબરને ઘેરા શ્યામ રગની યાદ અપાવ્યા કરે છે."[૫]

તો લેખિકાએ પાત્રો વચ્ચે અદ્ભૂત રીત સવાદાત્મક શૈલી રજુ કરી છે. મનોભાવોને સહજ અને સચોટ શૈલીથી રજુ કરીને કથા અને પાત્રને પણ ઉદાત્ત બનાવ્યા છે. નાયિકા વત્સલાની બહેનપણી શોભના પોતાના પુત્ર અને તેની પત્નીના લીધે ઘરમા જે

વિમાસણની સ્થિતિ સર્જાઈ છે તેની ચર્ચા કરે છે,

"એક બાબત જેવી હોવી જોઈએ તેવી નથી એટલ સ્વીકારી લેવાથી કઈ વળત નથી. એનો કઈ ઈલાજ પણ કરવો જોઈએ."

"ત શ માને છે – મે કઈ પ્રયત્ન નહી કર્યો હોય ?"

"તો પછી ?"

"ના – કઈ અર્થ નથી."

"કારણ ?"

"કારણ કે હ એની સાસુ છુ ને એ મારી વહુ છે. ગજગ્રાહને માટે આથી વિશેષ કારણ શ જોઈએ ?"[૬]

આમ, વત્સલાની સહેલી શોભના પોતાની પુત્રવધૂ સાથે થયેલી કૌટુબિક અણબનાવની પોતાની મૂઝવણ અને તકલીફ લેખિકાએ દર્શાવી છે.

તો બીજી તરફ એવી જ સ્થિતિ નાયિકા વત્સલા સાથે સર્જાય છે. પોતાના પુત્ર આશિષની પત્ની શેફાલીના પોતાની સાથેના તેમજ ઘરના નોકર સાથેના દુર્વ્યવહારન નિરૂપણ તેના સવાદોમા જોવા મળે છે. છતા પણ આ વ્યવહારને વત્સલા ગળી જઈને બધ જ ઠીક થઈ જશે એવા સકારાત્મક વલણ સાથે ચાલે છે,પણ સાથે તકલીફ અને આર્તનાદ તેમના શબ્દોમા નજરે પડે છે. પરિસ્થિતિને આધિન થઈ સ્થિતિનો સ્વીકાર એવો અભિગમ જોઈ શકાય છે.

"કેટલો નસીબદાર છે રાજુ ! એની પાસે જતા રહેવા માટે એક વિલ્લુપુરમ છે..."

"રાજુ, ગુસ્સો નહી કરવાનો. નવ નવ છે...પછી બધ ઠીક થઈ જશે."[૭]

આમ, અહી નારીની હકીકત વર્ણવીને કયાક લેખિકા તેના સમ્માનને દર્શાવવાન પણ ભલ્યા નથી. કથા આગળ વધતા સાસુ અને વહુના ઝઘડા સુધી પહોચે છે. વત્સલા પ્રત્યેનો શેફાલીનો પૂર્વગ્રહ વત્સલા માટે અસહ્ય અને દુ:ખદ બને છે. જે ઘર છોડવા સુધીની સ્થિતિ વત્સલાને માટે ઉભી કરે છે.

છેલ્લા દિવસોમા વત્સલાને પોતાના દિકરા આશિષની સાથે રહેવાને બદલે તેનાથી જુદા થવાનો વારો આવે છે. મુબઈ જેવા મહાનગરન વાતાવરણ દર્શાવી તેમા માનવ સબધો અને કૌટબિક સબધોના ઉડાણ અને છીછરાપણા પણ કયાક નજરે પડે છે. કુટબ અને જન્મજાત સબધો સાથેની આત્મીયતા અને પ્રેમનો ભોગ આપવા છતા વત્સલાને તિરસ્કારનો ભોગ બનીને પણ ન્યાય મળતો નથી.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

ધીરૂબહેને લઘુનવલમા સુચારુ, સાદી અને સરળ તેમજ પ્રાસાદિક ભાષા પ્રયોજન કર્યુ છે. નારીજીવનના મનોસઘર્ષને નિશ્ચિત ચોકઠામા રજુ કરી, સાસુ–વહુની પરસ્પર અલગ અલગ ચૈતસિક અને માનસિક ભૂમિકા દર્શાવી, સામાજિક તખ્તા પર મુકી વાસ્તવિક બાબતોન પણ પ્રગટીકરણ કર્યુ છે.

## ❖પાદટીપ❖

1. ધીરૂબહેન પટેલ, 'હુતાશન', ગુર્જર ગ્રથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃતિ – ૧૯૯૩, પ્રસ્તાવના
2. એજન, પૃષ્ઠ – ૧૦
3. એજન, પૃષ્ઠ – ૧
4. એજન, પૃષ્ઠ – ૪
5. એજન, પૃષ્ઠ – ૧૫
6. એજન, પૃષ્ઠ – ૧૮
7. એજન, પૃષ્ઠ – ૭૨